# રાજ્યમાં વધુ ૬૬૯૦ નવા કેસ : ગાંધીનગરમાં ૧૧૦ : અમદાવાદમાં ૨૨૮૨




પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. 33 | ૧૪ એપ્રિલ, ૨૦૨૧, બુધવાર; ચૈત્ર સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## મહારાષ્ટ્રમાં આજથી ૧૫ દિવસનો કરફ્યુ

મહારાષ્ટ્રમાં આજથી ૧૫ દિવસ માટે કરફ્યુની જાહેરાત કરતા રાજ્યના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે જણાવ્યું હતું કે, કોરોનાના વધતા કેસોને નિયંત્રિત કરવા કડક પગલાં જરૂરી છે. સંબંધિતો સૌ સાથે ચર્ચા કર્યા બાદ આજથી સમગ્ર રાજ્યમાં ૧૫ દિવસ માટે કડક કરફ્યુ અમલી બનશે. જેમાં આવશ્યક ચીજવસ્તુઓ અને દવાની દુકાનો ખુલ્લી રહેશે. આ ઉપરાંત રેસ્ટોરન્ટમાં ટેકઅવે સિસ્ટમ મર્યાદિત સંખ્યામાં ચાલુ રખાશે. પબ્લિક ટ્રાન્સપોર્ટ અને હૉસ્પિટલ નર્સિંગ સ્ટાફને અવર-જવરની છુટ અપાશે.

મહારાષ્ટ્રમાં કોરોનાની બીજી વેવ ખૂબ ખતરનાક છે. મહારાષ્ટ્રમાં છેલ્લાં ૨૪ કલાકમાં ૬૦૨૧૨ નવા કેસ નોંધાયા છે, તે ઉપરાંત ૩૦૨ લોકોના મોત થયા છે. મહારાષ્ટ્રમાં કોરોનાનો મૃત્યુ દર ૧.૬૮% થઈ ગયો છે. જોકે હાલ ૩૨,૭૫,૨૨૪ લોકો હોમ ક્વોરન્ટિન છે અને ૨૯,૩૯૯ ઈન્સ્ટિટ્યૂશનલ ક્વોરન્ટિન છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ રાજ્યને સંબોધિત કરતા જાહેરાત કરી છે કે મહારાષ્ટ્રમાં આવતીકાલે રાત્રે ૮ વાગ્યાથી સખત નિયંત્રણો લાગૂ થશે. આવતીકાલથી 'બ્રેક ધ ચેન' અભિયાન શરૂ થશે.

રાજ્યમાં ઓક્સિજનની ભારે અછત, કોરોનાની સ્થિતિ નિયંત્રણ બહાર છે. રાજ્યમાં પરીક્ષાઓ મોકૂફ રાખવામાં આવી છે. કોરોના વાઈરસ નિયંત્રણ બહાર થઈ ગયો છે. કોરોના માટે કરવામાં આવેલી તમામ વ્યવસ્થા ખૂબ જ ઓછી પડી રહી છે. પરિસ્થિતિ નિયંત્રણ બહાર જતી રહી છે. મહારાષ્ટ્રમાં હોસ્પિટલો પર જબરજસ્ત દબાણ સર્જાયું છે. રાજ્યમાં ઓક્સિજનની ભારે અછત પ્રવર્તિ રહી છે. અમને અન્ય રાજ્યોમાંથી પણ ઓક્સિજન મંગાવવાની છૂટ આપવામાં આવે. કેન્દ્ર સરકાર માર્ગોની સાથે હવાઈ માર્ગો મહારાષ્ટ્રમાં ઓક્સિજન મોકલવામાં આવે. આ માટે વાયુસેનાનો ઉપયોગ કરવા અપીલ કરી. વેક્સિનેશનની પ્રક્રિયા વધારે ઝડપી કરવામાં આવે. તેનાથી કોરોનાની લહેરને નબળી પાડી શકાશે.

## દેશમાં કોરોનાના છેલ્લા ૨૪ કલાકમાં ૧.૬૦ લાખથી વધુ કેસ

ન્યુ દિલ્હી,તા.૧૩

દેશમાં કોરોનાની ગતિ ભયાનક બની રહી છે. સોમવારે ૧ લાખ ૬૦ હજાર ૬૯૪ નવા દર્દી મળી આવ્યા હતા. ૯૬,૭૨૭ સાજા થયા અને ૮૮૦ લોકો મૃત્યુ પામ્યા. આ સતત બીજો દિવસ હતો, જ્યારે ૧ લાખ ૬૦ હજારમાંથી નવા દર્દીઓ વધુ મળ્યા. એક દિવસ પહેલાં રવિવારે ૧ લાખ ૫૯ હજાર ૯૧૪ દર્દીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

દેશમાં અત્યારસુધીમાં લગભગ ૧.૩૭ કરોડ લોકો આ મહામારીની ઝપેટમાં આવી ચૂક્યા છે, તેમાંથી ૧.૨૨ કરોડ લોકો સાજા થઈ ચૂક્યા છે. ૧ લાખ ૭૧ હજાર ૮૯ લોકોએ જીવ ગુમાવ્યો છે. એક્ટિવ કેસ, એટલે કે જે દર્દીઓ સારવાર લઈ રહ્યા છે એની સંખ્યા આ મહિનાના ૧૨ દિવસમાં ૬ લાખ ૭૮ હજાર ૫૧૯ વધુ નોંધાયા છે. ૧ એપ્રિલે ૫ લાખ ૮૦ હજાર ૩૮૭ એક્ટિવ કેસ હતા, જે હવે વધીને ૧૨ લાખ ૫૮ હજાર ૯૦૬ થઈ ગયા છે. સોમવારે એ વધીને ૬૨,૯૪૬ પર પહોંચી ગયા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ ૧૪ એપ્રિલે કોરોના અને વેક્સિનેશન મુદ્દે તમામ રાજ્યોના રાજ્યપાલો સાથે વર્ચ્યુઅલ બેઠક કરશે.

મહારાષ્ટ્રમાં ૫૧,૭૫૧ નવા દર્દીઓ મળી આવ્યા હતા, ૫૨,૩૧૨ દર્દી સ્વસ્થ થયા અને ૨૫૮ લોકો મૃત્યુ પામ્યા. રાજ્યમાં અત્યાર સુધીમાં ૩૪.૫૮ લાખ લોકોને સંક્રમણ લાગ્યુ છે, જેમાંથી ૨૮.૩૪ લાખ લોકો સાજા થયા છે, જ્યારે ૫૮,૨૪૫ લોકો મૃત્યુ પામ્યા. હાલમાં અહીં લગભગ ૫.૬૪ લાખ લોકોની સારવાર કરવામાં આવી રહી છે.

## ૧૦ રાજ્યોમાં સ્થિતિ અતિ ગંભીર

### કોરોનાનો કહેર, મહારાષ્ટ્ર, યૂપી અને છત્તીસગઢની ખરાબ સ્થિતિ

ન્યુ દિલ્હી,તા.૧૩

ભારતમાં કોરોનાનો કહેર જારી છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧ લાખ ૬૧ હજાર ૭૩૬ નવા કેસ સામે આવ્યા છે, જ્યારે ૮૭૯ લોકોના સંક્રમણથી મોત થયા છે. ભારતમાં ૧૬ રાજ્યોમાં છેલ્લા કેટલાક દિવસથી કેસ સતત વધી રહ્યાં છે. મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ અને છત્તીસગઢમાં ૨૪ કલાકમાં સામે આવેલા નવા કેસ અને સંક્રમણથી મોત સૌથી વધુ છે. એક્ટિવ કેસ પણ આ ત્રણ રાજ્યોમાં સૌથી વધુ છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જારી આંકડા પ્રમાણે ભારતમાં સંક્રમિત દર્દીઓની સંખ્યા ૧ કરોડ ૩૬ લાખ ૮૯ હજાર ૪૫૩ થઈ ગઈ છે. જેમાં ૧ લાખ ૭૧ હજાર ૫૮ લોકોના મૃત્યુ થયા છે. તો દેશમાં એક્ટિવ કેસ વધીને ૧૨ લાખ ૬૪ હજાર ૬૯૮ થઈ ગયા છે, જે કુલ સંક્રમિતોના ૯.૨૪ ટકા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય પ્રમાણે દેશમાં ૧૬ રાજ્યો એવા છે, જ્યાં કોરોના કેસ ઝડપથી વધી રહ્યાં છે. આ રાજ્યો મહારાષ્ટ્ર, છત્તીસગઢ, ઉત્તર પ્રદેશ, કર્ણાટક, દિલ્હી, તમિલનાડુ, મધ્ય પ્રદેશ, ગુજરાત, હરિયાણા, રાજસ્થાન, પંજાબ, કેરલ, તેલંગણા, ઉત્તરાખંડ, આંધ્ર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ છે.

તો છેલ્લા ૨૪ કલાકમાં સામે આવેલા નવા મામલામાં ૮૧ ટકા કેસ દસ રાજ્યોમાંથી આવ્યા છે. સૌથી વધુ ૫૧,૭૫૧ નવા કેસ મહારાષ્ટ્રથી આવ્યા છે, ત્યારબાદ ઉત્તર પ્રદેશમાં ૧૩૬૦૪, છત્તીસગઢમાં ૧૩૫૭૬, દિલ્હીમાં ૧૧૪૯૧, કર્ણાટકમાં ૯૫૭૯, તમિલનાડુમાં ૬૭૧૧, મધ્ય પ્રદેશમાં ૬૪૮૯, ગુજરાતમાં ૬૦૨૧, રાજસ્થાનમાં ૫૭૭૧ અને કેરલમાં ૫૬૯૨ નવા કેસ નોંધાયા છે.

આ રીતે છેલ્લા ૨૪ કલાકમાં કોરોના સંક્રમણથી મોતના ૮૮ ટકા મામલા ૧૦ રાજ્યોમાં છે. સૌથી વધુ મોત મહારાષ્ટ્રમાં થયા છે. અહીં કોરોનાએ ૨૫૮ લોકોના જીવ લીધા છે. તો છત્તીસગઢમાં ૧૩૨, યૂપીમાં ૭૨, દિલ્હીમાં ૭૨, ગુજરાતમાં ૫૫, કર્ણાટકમાં ૫૨, પંજાબમાં ૫૨, મધ્ય પ્રદેશમાં ૩૭, રાજસ્થાનમાં ૨૫ અને તમિલનાડુમાં ૧૯ લોકોના મૃત્યુ થયા છે. ભારતમાં કુલ એક્ટિવ કેસ ૧૨ લાખ ૬૪ હજાર ૬૯૮માંથી ૬૯ ટકા માત્ર પાંચ રાજ્યોમાં છે. આ રાજ્ય છે- મહારાષ્ટ્ર, છત્તીસગઢ, યૂપી, કર્ણાટક અને કેરલ. મહારાષ્ટ્રમાં સૌથી વધુ એક્ટિવ કેસ છે. અહીં દેશના કુલ એક્ટિવ કેસના ૪૪.૭૮% છે, છત્તીસગઢમાં ૭.૮૨, યૂપીમાં ૬.૪૫, કર્ણાટકમાં ૬.૦૧ અને કેરલમાં ૩.૭૯ ટકા એક્ટિવ કેસ છે. જ્યારે ૩૧.૧૫ ટકા એક્ટિવ કેસ ભારતના બીજા રાજ્યોમાં છે.

## દેશમાં ૧૦૩ ટકા સરેરાશ વરસાદની આગાહી

નવી દિલ્હી, તા. ૧૩

આ વર્ષે દેશમાં ચોમાસું સારું રહેશે તેવી આગાહી આંતરરાષ્ટ્રીય હવામાન એજન્સી સ્કાયમેટ દ્વારા કરવામાં આવી છે. દેશમાં જુન-સપ્ટેમ્બર દરમિયાન ૭૫ ટકા વરસાદ દક્ષિણ-પશ્ચિમ ચોમાસું પવનો લાવે છે. જે આ વખતે નોર્મલ રહેવાની આશા છે તેમ સ્કાયમેટ વેધરના પ્રેસિડેન્ટ જી.પી. શર્માએ જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, જુન-સપ્ટેમ્બર સુધીમાં સરેરાશ વરસાદ ૧૦૩ ટકા જેટલો રહી શકે છે.

૧૦૩ ટકા વરસાદ ઘણો સારો કહેવાય તેમ કહેતા તેમણે ઉમેર્યું હતું કે, ચોમાસું સામાન્ય રહેવાની શક્યતા ૬૦ ટકા અને સામાન્યથી સારું રહેવાની શક્યતા ૧૫ ટકા જેટલી છે. દેશમાં પડતા સરેરાશ વરસાદનો જો ૯૬-૧૦૪ ટકા વરસાદ પડે તો તેને સામાન્ય ચોમાસું ગણાય છે, જ્યારે ૧૦૩ ટકાથી વધુ વરસાદને સામાન્યથી વધુની કેટેગરીમાં મૂકવામાં આવે છે. છેલ્લા બે વર્ષથી દેશમાં ચોમાસું સામાન્ય રહ્યું છે. જો ૨૦૨૧માં પણ વરસાદ સારો રહેશે તો સળંગ ત્રીજા વર્ષે દેશનું ચોમાસું સામાન્ય રહેશે.

ભારતમાં સામાન્ય રીતે જુનથી સપ્ટેમ્બર મહિના દરમિયાન ચોમાસાનો મોટાભાગનો વરસાદ પડી જાય છે. દેશમાં આ ગાળામાં સરેરાશ ૮૮૦.૬ મિલીમીટર વરસાદ પડે છે.

## કોરોના હાલમાં નહીં જાય, લાંબો સમય રહેશે : ટેડ્રોસ

### ભારતભરમાં કોરોનાની સ્થિતિ કથળતાં રેલવેના કોચમાં દર્દીઓની સારવાર કરવી પડે એવી સ્થિતિ સર્જાઇ છે

નવી દિલ્હી, તા. ૧૩

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના વડા ટેડ્રોસ ગેવ્યેસિસે ચેતવણી આપતા કહ્યુ છે કે, કોરોના વાયરસ હાલમાં તો આપણી વચ્ચેથી જવાનો નથી અને લાંબા સમય સુધી તે રહેવાનો છે.

તેમણે દુનિયાને સતર્ક રહેવા માટે અપીલ કરીને કહ્યુ છે કે, એશિયા અને મિડલ ઈસ્ટના દેશોમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. બીજી તરફ કોરોનાની વેક્સીન પણ આપવામાં આવી રહી છે પરંતુ લોકોએ બેદરકારી દાખવવાની નથી.રોજે રોજ સાવધાની રાખવી જરુરી છે. આ વાયરસન રોકી શકાય છે અને ઘણા દેશો સફળ પણ થયા છે. હવે તેઓ ખુશી મનાવી રહ્યા છે.

તેમણે કહ્યુ છે કે, દુનિયાની ઈકોનોમી ખુલે, વિવિધ દેશો વચ્ચે વેપાર અને મુસાફરી ફરી શરુ થાય તે જોવાની ઈચ્છા છે પણ જ્યારે કેટલાક દેશોમાં મોતનો આંકડો વધી રહ્યો છે ત્યારે લોકોએ સાવધ રહેવાની જરુર છે.

કોરોના વાયરસનુ સંક્રમણ લાંબા સમય સુધી આપણી વચ્ચે રહેવાનુ છે. પણ તેની સામે હકારાત્મક વલણ અપનાવવુ પડશે. વર્ષની શરુઆતમાં કોરોનાના કેસ ઘડી રહ્યા હતા પણ હવે ફરી સંક્રમણ તેજ બન્યુ છે. તેની સામે સાવધ રહેવાની અને વેક્સીન લેવાની જરુર છે.

દરમિયાનમાં દેશમાં કોરોના વાયરસના વધી રહેલા કેસો વચ્ચે ફરી એક વખતે રેલવેના કોચમાં દર્દીઓની સારવાર કરવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. હોસ્પિટલોમાં પથારીઓ નથી ત્યારે રેલવે દ્વારા કેટલાક સ્થળોએ ગયા વર્ષે રેલવેના કોચમાં બનાવાયેલા આઈસોલેશન વોર્ડની માંગણી ઉભી થવા માંડી છે.

### વધુ ગરમી હોય ત્યાં કોરોનાથી ઓછા મોત થાય છે : સંશોધન

કોરોનાની બીજી લહેર વધારે ઘાતક બનીને હાહાકાર મચાવી રહી છે. કોરોનાને રોકવા માટે રસીકરણ પર કરાઈ રહ્યુ છે. આ પરિસ્થિતિ વચ્ચે સ્કોટલેન્ડમાં હાથ ધરવામાં આવેલા સંશોધનમાં દાવો કરાયો છે કે, જ્યાં વધારે તાપ હોય છે ત્યાં કોરોનાથી થતા મોતની સખ્યા ઓછી હોય છે. એડિન બર્ગ યુનિવર્સિટીના સંશોધકોનુ કહેવુ છે કે, સૂર્યનો તાપ ખાસ કરીને તેમાં રહેલા અલ્ટ્રાવાયોલેટ કિરણ કોરોનાથી થતા મોતને ખતરો ઓછો કરે છે.

આ સંશોધન માટે અમેરિકાના અઢી હજાર જેટલા ગ્રામ્ય વિસ્તારોમાં થયેલા મોતની સરખામણી કરાઈ હતી. જેમાં સંશોધકોએ જોયુ હતુ કે, જ્યાં અલ્ટ્રા વાયોલેટ કિરણોનુ પ્રમાણ વધારે હતુ ત્યાં કોવિડથી મોતનો ખતરો ઓછો હતો. આ જ પ્રકારનુ સર્વેક્ષણ બ્રિટન અને ઈટાલીમાં પણ હાથ ધરાયુ હતુ અને તેના તારણો પણ લગભગ સરખા જ રહ્યા હતા.

## વેક્સિનના ઈમર્જન્સી ઉપયોગની મંજુરી માટે પ્રક્રિયા ઝડપી કરાશે

નવી દિલ્હી, તા. ૧૩

સરકારે દેશમાં કોરોના વેક્સીનની સંખ્યા વધારવા માટે વિદેશી રસીને ઝડપી મંજૂરી આપવાની નીતિ અપનાવી છે. કેન્દ્રએ આજે કહ્યું કે, એ વિદેશી કોરોના વેક્સીનને ભારતમાં ઈમર્જન્સી ઉપયોગ માટે મંજૂરી આપવાની પ્રક્રિયા ઝડપી કરાશે, જેનો વિદેશોમાં ઉપયોગ થઈ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, ડ્રગ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (ડીજીસીઆઈ)એ રશિયામાં વિકસિત કોવિડ-૧૯ વેક્સીન સ્પુતનિક વીના ઈમર્જન્સી ઉપયોગની મંજૂરી આપી દીધી છે. એક્સપર્ટ કમિટીએ સોમવારે જ સ્પૂતનિક વીને ભારતમાં ઈમર્જન્સી ઉપયોગની મંજૂરી આપવાની ભલામણ કરી હતી.

જે વેક્સિનને સરકારે મંજૂરી આપશે એનો આગામી ૭ દિવસ સુધી ૧૦૦ દર્દી પર ઉપયોગ કરવામાં આવશે. ત્યાર પછી દેશના વેક્સિનેશન કાર્યક્રમમાં એને સામેલ કરવામાં આવશે. સરકારનો દાવો છે કે આ નિર્ણયથી ભારતમાં વેક્સિન ઈમ્પોર્ટ કરવા અને વેક્સિનેશન કાર્યક્રમમાં ઝડપ લાવી શકાશે. સરકારના આ નિર્ણયથી આ દવા કંપનીઓ માટે વિદેશી વેક્સિનને ભારતમાં બનાવવાની મંજૂરી મેળવવામાં પણ સરળતા રહેશે.એક્સપર્ટનું માનીએ તો ઈમર્જન્સી ઉપયોગની મંજૂરી મળ્યા બાદ એક-દોઢ સપ્તાહની અંદર વેક્સીન ડોઝ લોકો માટે ઉપલબ્ધ થઈ જાય છે. તેમનું કહેવું છે કે, જો કોઈ મોટી અડચણ નહીં આવે તો મંજૂરીના ૧૦ દિવસની અંદર જ વેક્સીનનો ડોઝ આપી શકાય છે. હાલમાં દેશમાં ભારત બાયોટેક અને ઈન્ડિયન કાઉન્સીલ ઓફ મેડિકલ રિસર્ચના સંયુક્ત પ્રયાસોથી વિકસિત કોવેક્સીન ઉપરાંત ઓક્સફર્ડ યુનિવર્સિટી અને એસ્ટ્રાજેનેકા દ્વારા વિકસિત કોવિશીલ્ડના ડોઝ આપવામાં આવી રહ્યા છે. જણાવી દઈએ કે, ભારતમાં ૧૬ જાન્યુઆરીએ વેક્સિનેશન શરૂ થયું હતું.

## મમતા દીદીના ગાંધીજીની પ્રતિમા સમક્ષ ધરણા

કોલકત્તા, તા. ૧૩

ચૂંટણી સભામાં વિવાદિત નિવેદન આપવા બદલ બંગાળના સીએમ મમતા બેનરજીના પ્રચાર કરવા પર ચૂંટણી પંચે ૨૪ કલાકનો પ્રતિબંધ મુક્યો છે ત્યારે તેના વિરોધમાં મમતા બેનરજી ગાંધીજીની પ્રતિમા સમક્ષ ધરણા પર બેઠા છે. મમતા બેનરજીએ ધરણાને સત્યાગ્રહ ગણાવ્યો છે. તેઓ એકલા જ અહીંયા વ્હીલચેર પર ધરણા કરવા બેઠા છે. તેમની સાથે ટીએમસીનો એક પણ નેતા નથી. ધરણા દરમિયાન મમતા બેનરજી પેન્ટિંગ બનાવતા નજરે પડતા હતા. આ પણ ચૂંટણી પંચ સામે વિરોધ દર્શાવવાનો તેમનો એક પ્રકાર હતો. આમ તો મમતા બેનરજી ૧૨ વાગ્યાથી ધરણા પર બેસવાના હતા પણ તેના અડધો કલાક પહેલા સ્થળ પર પહોંચી ગયા હતા. તેમની પરનો પ્રતિબંધ આજે રાતે આટ વાગ્યે સમાપ્ત થયા બાદ મમતા બેનરજી બે ચૂંટણી સભાને સંબોધન કરવાના છે.



ચૂંટણી પંચે આપેલા નિર્દેશ પ્રમાણે પાંચમા તબક્કાના મતદાન માટે પ્રચાર પણ ૪૮ કલાકની જગ્યાએ ૭૨ કલાક પહેલા બંધ કરવામાં આવશે. ચૂંટણી પંચે મુકેલા પ્રતિબંધને લઈને ટીએમસી લાલચોળ છે અને કહ્યુ છે કે, ભાજપ માટે ચૂંટણી પંચ ધૃતરાષ્ટ્ર બની ગયુ છે. ચૂંટણી પંચનો નિર્ણય લોકશાહીના અધિકારોનો ભંગ છે.

## કુંભ મેળા એરિયામાંથી ૧૦૨ ભાવિકો કોરોના પોઝિટિવ મળ્યા

હરિદ્વાર, તા. ૧૩

કુંભ મેળામાં સતત કોરોના પોઝિટિવ કેસ મળી રહ્યા છે. સોમવતી અમાવાસ્ય શાહી સ્નાનના દિવસે હરિદ્વારમાં ૫૬૩ કોરોના ચેપગ્રસ્ત દર્દીઓ મળી આવ્યા છે. આમાં ૧૧૨ લોકો શામેલ છે જેઓ અન્ય રાજ્યોથી હરિદ્વાર સ્નાન માટે આવ્યા હતા. કુંભ મેળા વિસ્તારમાંથી કુલ ૧૦૨ દર્દીઓ પોઝિટિવ મળી આવ્યા છે. કોરોનાના વધતા ગ્રાફે આરોગ્ય વિભાગની સામે પડકાર ઊભો કર્યો છે. તે જ સમયે અખિલ ભારતીય અખાડા પરિષદના પ્રમુખ મહંત નરેન્દ્ર ગિરીની તબિયત લથડતાં તેઓને એઈમ્સમાં દાખલ કરવામાં આવ્યા છે.

કુંભમેળાના આરોગ્ય અધિકારી અર્જુનસિંહ સેંગરે જણાવ્યું હતું કે મહંત નરેન્દ્ર ગિરીનો કોરોના રિપોર્ટ સોમવારે પોઝિટિવ આવ્યો છે.




